અનુ. જાતિઓને સામાજીક બહિષ્કાર, હિજરત તથા બીજી આફતોમાં આપવામાં આવતી નાણાકીય સહાયમાં વધારો કરવા બાબત.

ગુજરાત સરકાર,
સમાજ કલ્યાણ વિભાગ,
ઠરાવ ક્રમાંક:-બસલ/૧૦૯૪/૩૩૬૨/છ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:- ૨૯/૩/૯૮.

**વંચાણે લીધા :-**

(૧) સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક:- એસસીડબલ્યુ/૧૦૮૧/સી.નં.-૯૯/જ, તા. ૨૩/૩/૧૯૮૧.

(૨) સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક:- એસસીડબલ્યુ/૧૦૮૫/૨૫૭૨(૯૩)/જ, તા. ૧૪/૨/૯૪.

(૩) નિયામકશ્રી સમાજ કલ્યાણ ગાંધીનગરના પત્ર ક્રમાંક:-સક/સેલ/૨/૯૭/૪૮૩૭ તા. ૧૪/૮/૯૭ થી મળેલ દરખાસ્ત.

**ઠરાવ :-**

અનુસૂચિત જાતિના લોકો માનવસર્જીત આફતો જેવી કે તેમનો સામાજીક બહિષ્કાર કરવો, તેમની રોજીરોટી બંધ કરવી, તેમને મજૂરીએ ન બોલાવવા, જેવા સામાજીક અસહકારનો ભોગ બનતા હોય છે તથા આવા બનાવોને કારણે કેટલીક વખતે તેઓને હિજરત કરવી પડે છે. આવા પ્રસંગોએ તેમને નાણાકીય સહાય આપવાની યોજના આમુખમાં ક્રમાક:-(૧) માં જણાવેલા તા. ૨૩/૩/૮૧ ના ઠરાવથી અમલમાં મૂકવામાં આવી હતી. હિજરતના આવા પ્રસંગોથી અસર પામેલા કુટુંબની કમાઉ કે બિન કમાઉ દરેક વ્યક્તિને દરરોજના રૂા. ૬/- (રૂપિયા છ પુરા) આર્થિક સહાય આપવાનું આમુખમાં ક્રમાંક-(૨) માં જણાવેલ તા. ૧૪/૨/૯૪ ના હુકમો દ્વારા ઠરાવેલ હતુ. જીવનનિર્વાહની ચીજવસ્તુઓમાં થયેલ વધારો અને બદલાયેલા જીવનધોરણને ધ્યાને લેતા મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક:-એસસીવાય/૧૬૯૬/૧૮૮૯/સ.૧ તા. ૨૮/૧૨/૯૬ તથા તા. ૨૯/૬/૯૬ ના ઠરાવ ક્રમાંક:- એસસી એસ/૧૦૮૯/૬૧૪૫/સ.૩ અનુસાર સહાય આપવાની દરખાસ્ત નિયામકશ્રી સમાજ કલ્યાણ એ તેઓના આમુખ દર્શાવેલ ક્રમાંક-(૩) માં જણાવેલ તા. ૧૪/૮/૯૭ ના પત્રથી સરકારશ્રીમાં કરી હતી. જે કેટલાક સમયથી સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

.૨.

૨. પુખ્ત વિચારણાને અંતે સામાજીક બહિષ્કાર/હિજરતનો ભોગ બનેલા અનુ.જાતિના કુટુંબની કમાઉ તથા બિનકમાઉ દરેક વ્યક્તિને દરરોજના રૂ.૬/- ના બદલે હવે રૂ.૧૦/- (રૂપિયા દસ પુરા) આર્થિક સહાય આપવાનું તથા તેમની સાથે સ્થળાંતર કરેલા પ્રત્યેક ઢોર દીઠ રૂ.૬/- (રૂપિયા છ પુરા) લેખે નિભાવખર્ચ તરીકે સહાય (કેશડોલ્સ) આપવાનું આથી ઠરાવવામાં આવે છે.

૩. આ સહાય સામાજિક બહિષ્કાર/હિજરત ચાલુ રહે ત્યાં સુધી મહત્તમ છ માસની મર્યાદામાં બેમાંથી જે વહેલું હોય ત્યાં સુધી આપવામાં આવશે.

૪. આવા પ્રસંગોએ આ પ્રમાણેની આર્થિક સહાય આપવાની વ્યવસ્થા કરવા નિયામકશ્રી સમાજ કલ્યાણને આથી સૂચના આપવામાં આવે છે.

૫. આ ઠરાવ બહાર પડયાની તારીખથી દરમાં થયેલો વધારો અમલમાં આવશે.

૬. આ અંગેનો ખર્ચ અંદાજપત્રના સદર "૨૨૨૫, અનુ.જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ, કેન્દ્ર પુરસ્કૃત યોજના પેટા સદર (૬) બીસીકે-૫૭ નાગરિક સેલ" હેઠળ ઉધારવો અને તે અંગે કરેલ જોગવાઈમાંથી મેળવવો.

૭. આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલમાં નાણા વિભાગની તા.૪/૩/૯૮ ની નોંધથી મળેલ સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(signature)

(વિ. મ. પરમાર)
ઉપસચિવ,
સમાજ કલ્યાણ વિભાગ.
ગુજરાત સરકાર

પ્રતિ,

મા.રાજ્યપાલશ્રીના અંગત સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
મા.મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
મા.સર્વે મંત્રીશ્રીઓ/રા.ક./ના.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી તરફ.
નિયામકશ્રી, સમાજ કલ્યાણ ખાતુ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર, યોગ્ય કાર્યવાહી કરવાની વિનંતી સાથ..
એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ.
પે એન્ડ એકાઉન્ટ ઓફીસર, અમદાવાદ/ગાંધીનગર.
તિજોરી અધિકારીશ્રીઓ (સર્વે જિલ્લા)



Scanned with CamScanner

સર્વે જીલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રીઓ.
સર્વે સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ(પંચાયત).
સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ.
સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
સચિવાલયના સર્વે વિભાગો.
વિભાગની સર્વે શાખાઓ.
સિલેકટ ફાઈલ.

મહેતા//૨૧૩/સ્ટે.